## જન્મદિને વધામણી



ધર્મેન્દ્રભાઈ વેલજીભાઈ પટેલ
કારોબારી સભ્ય, કચ્છ મિત્ર મંડળ
(૧૬-૧૦-૧૯૬૧) મો. ૯૮૨૫૦ ૮૭૭૫૬



નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ
પૂર્વ પ્રમુખ, શ્રી તપોધન બ્રાહ્મણ મહાસભા
(૧૬-૧૦-૧૯૫૯) મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯

## ડૉ. ભાગીરથી ભટ્ટ પ્રિ-રિપબ્લિક ડે પરેડ કૅમ્પમાં



ગાંધીનગર, તા. ૧૫

નાગપુર ખાતે ચાલી રહેલા પ્રિ-રિપબ્લિક ડે પરેડ કૅમ્પમાં ગાંધીનગરનાં રહેવાસી ડૉ. ભાગીરથી કેતન ભટ્ટ સામેલ થયાં છે.

અમદાવાદ ખાતે કાર્યરત રાષ્ટ્ર ભાષા કૉલેજમાં મનોવિજ્ઞાન વિષયનાં ઍસોસિએટ પ્રૉફેસર તથા સૅક્ટર-૧, ગાંધીનગરનાં રહેવાસી ડૉ. ભાગીરથી ભટ્ટની પસંદગી આ કૅમ્પ માટે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટૂકડીના લીડર તરીકે કરવામાં આવી છે. કૉલેજ તથા યુનિવર્સિટી ઍનઍસઍસ પરિવાર તરફથી એમને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે આજે ગાંધીનગર શહેરમાં 'બાળુડાના ગરબા'

## ૨૦૦ વિશિષ્ટ અને ૭૦૦ સામાન્ય વ્યક્તિઓ સાથે મળીને સૅક્ટર-૧૨ના બલરામ મંદિર પરિસર ખાતે ગરબે ઘૂમશે

ગાંધીનગર, તા. ૧૫

શારીરિક-માનસિક વ્યક્તિઓ માટે યોજાતા વિશિષ્ટ ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા'નું આયોજન શુક્રવારે બલરામ મંદિર પરિસર ખાતે કરવામાં આવ્યું છે.

આયોજક સંસ્થા 'ગ્રો ફાઉન્ડેશન'ના પ્રમુખ જિજ્ઞેશ રાવલ અને 'સાધના'ના પ્રમુખ ગંગારામ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે નગરની અનેક શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ, વ્યક્તિઓના સંવેદનશીલ સહકારથી શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા ઉત્સવ 'બાળુડાના ગરબા'નું આયોજન ૨૦૦૪થી પ્રતિવર્ષ નવરાત્રી પર્વ દરમ્યાન કરવામાં આવે છે. એ જ રીતે આ વખતે ૧૧મા વર્ષે પણ 'બાળુડાના ગરબા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બલરામ મંદિર પરિસર, સૅક્ટર-૧૨ ખાતે શુક્રવારે સાંજે પાંચથી સાત કલાક દરમ્યાન આ કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સૅક્ટર-૨૮, અંધ શાળા, સૅક્ટર-૧૬, સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સૅક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, હેત ફાઉન્ડેશન, સૅક્ટર-૭, સંવેદન, સૅક્ટર-૬ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વસતા વિશિષ્ટ વ્યક્તિઓ ભાગ લેશે. વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સામાન્ય વ્યક્તિઓ પણ ગરબામાં જોડાય એ આ કાર્યક્રમની વિશેષતા અને ક્રમ છે, જે આ વખતે પણ જળવાઈ રહ્યો છે. વિશિષ્ટ વ્યક્તિઓની સાથે ગરબા રમવા માટે શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, પ્રેરણા વિદ્યાલય, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ, સદ્વિચાર પરિવાર-ઉવારસદ, માધવ ગરબા ક્લાસ અને ફોરમોસ્ટ ગૃપના સભ્યો પણ સપરિવાર જોડાશે. સરવાળે, ૨૦૦ વિશિષ્ટ અને ૭૦૦થી વધુ સામાન્ય વ્યક્તિઓ સાથે મળીને આ ગરબા મહોત્સવમાં ભાગ લેશે.

વિશિષ્ટ વ્યક્તિઓને સમાન તક આપવાના આ પ્રયાસને બળ આપવા માટે નગરની સૌ સેવાભાવી સંસ્થાઓ, સમાજસંવેદી વ્યક્તિઓને આ વિશિષ્ટ ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને ગરબા રમવા આયોજકો તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં ગબ્બર !



ગાંધીનગર શહેરમાં નવરાત્રી ઉજવવાની પરંપરા જેટલી જૂની છે એટલી જ જૂની પરંપરા બાળકો દ્વારા નવરાત્રી દરમ્યાન ગબ્બરનું સર્જન કરવાની પણ છે. નવરાત્રીનું પર્વ અંબે મા સાથે સંકળાયેલું છે અને અંબે માનું ધામ અંબાજી છે એ નાતે ગબ્બરનો નવરાત્રી સાથે સંબંધ બંધાયો હોવાનું માનવામાં આવે છે. બાળકો આ બાબત જાણતા હોય કે ન હોય, પણ તેઓ ગબ્બર પોતાની કલ્પનાશક્તિથી સુંદર અને આકર્ષક બનાવે છે એ વાત તો સ્વીકારવી જ પડે. ગાંધીનગર સમાચારમાં છેલ્લાં બે દિવસોમાં આવી અનેક તસવીરો પ્રગટ થઈ છે. સૅક્ટર-૬ ખાતે ચ ટાઈપ વસાહત મંડળનાં બાળકોએ બનાવેલા ગબ્બરની તસવીર અહીં આપી છે, જે પણ બાળકોની કલ્પના શક્તિ અને સર્જનાત્મકતાની સાક્ષી પૂરે છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦

# વાવોલની દ્વારકેશ રેસીડેન્સીમાં નવરાત્રી મહોત્સવનું વિશેષ આયોજન

## નવીન કલાત્મક માંડવીથી રહીશોમાં ઉત્સાહ : આઠમા નોરતે ૩૫૧ દિવડાની મહાઆરતી કરાશે : છેલ્લા નોરતે નવરાત્રીના ઉપવાસીઓનું સન્માન કરવાનો અદ્ભુત કાર્યક્રમ યોજાશે



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ક-રોડ પરની દ્વારકેશ રેસિડેન્સીમાં દરેક તહેવારની ઉજવણીનું વિશિષ્ટ રીતે આયોજન કરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષથી આ સોસાયટીમાં યોજાતા નવરાત્રી મહોત્સવમાં આ વર્ષે માતાજીની નવીન સુંદર અને કલાત્મક માંડવી પ્રસ્થાપિત થતા રહીશોમાં આનંદની લાગણી છવાઈ છે. નવરાત્રીમાં આઠમાં નોરતે ૩૫૧ દિવડાની મહાઆરતી તેમજ નવમા નોરતે ઉપવાસીઓના વિશેષ સન્માનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસી પાસે ક રોડ પર આવેલ દ્વારકેશ સોસાયટીમાં નવરાત્રીની ધૂમ જામી છે. સોસાયટીના રહીશો દ્વારા હળીમળીને કરાયેલા નવરાત્રી મહોત્સવમાં સૌ કોઈ મા જગદંબાની આરાધના કરવા મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. અહીની નવરાત્રી ઉત્સવની ખાસીયત એ છે કે દાન-ભંડોળ માટે કોઈ ઉછામણી કે બોલી બોલાવવામાં આવતી નથી. આમ છતાં ચાર વર્ષ દરમ્યાન યોજોયલ નવરાત્રીના આયોજન થકી મળેલ સ્વૈચ્છિક ફાળાની બચતમાંથી આ વર્ષે સુંદર અને કલાત્મક માંડવી તૈયાર કરવામાં આવી છે. આ સોસાયટીમાં નવરાત્રીના ફંડફાળામાંથી નાસ્તા-પાણીનો કોઈ ખર્ચ કરવામાં આવતો નથી. બલ્કે તે અંગે રહીશો પોતાની સ્વેચ્છાએ જાતે વ્યવસ્થા ગોઠવે છે. માંડવી પાસે મુકવામાં આવેલ દાન પેટી પણ તમામ રહીશોની રૂબરૂમાં જ ખોલવામાં આવે છે. જેમાં સ્વૈચ્છિક ફાળો એકઠો થયેલ હોય છે. સોસાયટીમાં કોઈ સભ્યને ફાળા માટે દબાણ કરાતુ નથી કે ફાળાની રકમ અગાઉથી નિશ્ચિત કરવામાં આવતી નથી. ઉત્સવ પત્યા બાદ નવરાત્રીના હિસાબની કોપી દરેક રહીશના ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે. આ વર્ષે નવરાત્રી મહોત્સવમાં આઠમના નોરતે ૩૫૧ દિવડાની મહા-આરતી તેમજ છેલ્લા નોરતે નવરાત્રીના ઉપવાસ કરતા ઉપવાસી ભાવિકોનું સન્માન કરવામાં આવશે.

# પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ ફેલાવતા નાટક અકુપારનું બાપુનગર ખાતે પ્રદર્શન કરાયું



ગાંધીનગર, તા.૧૬

ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરીયલ ફાઉન્ડેશન અને શાશ્વત સાયન્સ એન્ડ કલ્ચર ફોરમના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ચંદ્રપ્રસાદ દેસાઈ કોમ્યુનીટી હોલ, બાપુનગર અમદવાદ ખાતે ગીરની અસલ પ્રકૃતિ અને માનવીય સંસ્કૃતિનુ પ્રતિબિંબ પાડતું, પ્રકૃતિ અને માનવીના અતુટ સંબંધોની કથા ધરાવતું ગીરની પોતીકી ભાષામાં અભિવ્યકત કરતું ગુજરાતી ભાષાના ઉત્તમ કોટીના સર્જક કવિ ધ્રુવ ભટ્ટ નવલકથાને આધારિત નાટક અકુપારના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ સામે કોઈ મોટો પડકાર હોય તો તે પ્રકૃતિ અને સંસ્કૃતિનું રક્ષણ છે. આજે પ્રકૃતિ પ્રેમ માત્ર વાર્તાઓ પુરતો સીમિત થઈ ગયો છે જેથી વિશ્વ અને ભારત ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાની અનુભૂતિ કરી રહ્યા છે. આપણા દરેક તહેવાર સાથે પ્રકૃતિ જોડાયેલ છે તે માનવ અને પ્રકૃતિનો અતુટ સંબંધ દર્શાવે છે. પરંતુ ધીરે ધીરે પ્રકૃતિ સાથેની માનવીય લાગણીઓ મૃત:પ્રાય થતી જાય છે. માનવીનો પ્રકૃતિ પ્રેમ ઉજાગર થાય અને પ્રકૃતિ રક્ષાની જાગૃતિ ફેલાય તે માટે અકુપાર નાટક પ્રેક્ષકોમાં પર્યાવરણ સંરક્ષણ માટે તૈયાર કરવામાં આવ્યું છે. નાટક દિગ્દર્શન રંગકર્મી અદિતિ દેસાઈએ ખુબ જ સુંદર રીતે કર્યું છે.

નાટકમાં આરજે દેવકી માકર્સ અને અભિનય બેન્કરે મુખ્ય ભૂમિકા ભજવી હતી. પોરવી જશી, રક્ષાબેન નાટક, અદિતિ દેસાઈ તથા અન્ય કલાકારોએ એકથી વધુ પાત્રો ભજવીને નાટકમાં તેઓના અભિનયના ઓજસ પાથર્યા હતા. ૨૫૦૦થી વધુ બાપુનગરના રહીશોએ અકુપારને અદભુત પ્રતિસાદ આપ્યો હતો.

ઉદગમના મેને. ટ્રસ્ટી ડૉ. મયુર જોશી, અરવિંદ ફાઉન્ડેશનના નીરજકુમાર લાલ, અમદાવાદ યુનિ.ના બી.એમ. શાહ, સીડીએમએફના કાન્તિભાઈ પટેલ, સથવારોના ડૉ. મનસુખભાઈ કોટડિયા અને પરેશભાઈ લાખાણીએ તથા વિવિધ મહાનુભાવોએ હાજરી આપી હતી.

# ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા ત્રિદિવસીય નવરાત્રી મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા ત્રિદિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં મહામંડળના પ્રમુખ આર એ પટેલે જણાવ્યું છે કે તા. ૧૪થી ૧૬ સુધી આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪ના રોજ માતાજીના ભવ્ય સ્વાગત સાથે જાણીતા અખબારોનાં પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં આ મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. જૂના સચિવાલયના કર્મચારી ભાઈ-બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી. પ્રમુખ આર એ પટેલ તથા સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ નવરાત્રી આરાધના મહોત્સવ કર્મચારીઓ માટે રિશેષના સમયે યોજાય છે, જેના માધ્યમથી કર્મચારીઓને પોતાની નોકરીના સ્થળે ગરબા રમવાની તક સાંપડે છે. કર્મચારીઓ ટ્રેડિશનલ ડ્રેસ પહેરી ઉત્સાહપૂર્વક આ મહોત્સવમાં ભાગ લે છે.

મહામંડળ મહિલા પાંખનાં પ્રમુખ ગીતાબા ચૌહાણ તથા મહામંત્રી રમીલાબેન ખેતીયા આ મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ક્રેઝી ગર્લ... કલ્ચરલ ફૉરમના ગરબા રમવા અમેરિકાથી ઉડાન ભરી...

## મૅડિકલની માસ્ટર્સ ડિગ્રી મેળવવા અમેરિકા ગયેલી ડૉ. તરજુ શાહ માત્ર નવરાત્રીના નવ દિવસ ગરબા રમવા જ ગાંધીનગર આવી છે : રૂપિયા ખર્ચીને દીકરીના શોખને પ્રોત્સાહિત કરતા પૅરેન્ટ્સનો પ્રશંસનીય પ્રસંગ




માથે મટુકડી મહીની ઘોળી, હું મહીયારમ હાલી રે ગોકુળમાં... હો મારા શ્યામ મુજબને હરિ વા'લા... આ ગરબાના શબ્દો જેણે આત્મસાત કર્યા છે એવી ડૉ. તરજુનું ગોકુળ એટલે ગાંધીનગર અને ગરબા રમવા એ હરિને વહાલ કરવાની વાત... ગાંધીનગર કલ્ચરલ ફૉરમના ગરબા મેદાનમાં શરૂથી અંત સુધી માત્ર નિજાનંદ માટે મનમુકીને ગરબા લેવા એ એનો એકમાત્ર શોખ...



માત્ર સાડા ત્રણ વર્ષની ઉંમરે જ્યારે સૌપ્રથમવાર એ ચણિયાચોળી પહેરીને મમ્મી સાથે જાહેર જગ્યાએ ગરબા રમવા આવી અને જીદ કરી કે મારે ઈનામ જોઈએ... મમ્મી નિલીમાબેને દસ રૂપિયાની નોટ ધીમે રહીને એ કાર્યક્રમનું સંચાલન કરતા હિરેન ભટ્ટને આપતાં કહ્યું, 'પ્લીઝ, આનું નામ બોલી ઈનામ આપોને, છોકરી રાજી થશે...' ... પણ ત્યારે એમણે કહ્યું કે રૂપિયા રાખો, અમે એનું નામ લખ્યું જ છે અને ઈનામ મળશે, એને એની મસ્તીમાં રમવા દો... આજે તો કલ્ચરલ ફૉરમ એના ગરબાને કારણે વિશ્વનામના મેળવી ચૂક્યું છે અને એના ઍન્કરીંગનું કામ સંભાળતા હિરેન ભટ્ટે આ છોકરી ડૉ. તરજુનું નામ અનેકવાર ઈનામ સમારંભમાં લીધું છે, પણ આ અલગારી મિજાજની છોકરી ઈનામ માટે ગરબા રમતી નથી.

છેલ્લાં ત્રણ વર્ષથી તો એણે નિર્ણાયકોને નામ ન લખાવવાનો નિર્ણય લઈ માત્ર ભક્તિની પરાકાષ્ઠા સમાન આટલી ભીડ અને કોલાહલ વચ્ચેય એ ધ્યાનસ્થ થઈને ગરબા રમતી હોય છે. ડૉ. તરજુએ દસમા-બારમા બૉર્ડનાં વર્ષો અને મૅડિકલના અભ્યાસ વખતે પણ કલ્ચરલ ફૉરમના ગરબા છોડ્યા નથી. એ ગરબા માટે પોતાની ડ્રેસ ડિઝાઈન જાતે નક્કી કરે છે અને એ મુજબ ચણિયાચોળી બનાવડાવે છે, દર વર્ષ માટે એનું દસથી ૩૦ હજાર સુધીનું બજેટ ફાળવે છે. નો રિપીટ થિયરીની દર સાલ નવા જ ડ્રેસ સાથે એ ગરબે ઘૂમે છે. એના રૂમના બે કબાટ છલોછલ નવરાત્રીના ડ્રેસથી ભરેલા પડ્યા છે.

ડૉ. તરજુને ફોક ડાન્સ અને ગરબા એક જ શોખ. એના અભ્યાસ દરમ્યાન એને કંટાળો આવે તો ફ્રેશ થવા એ મ્યુઝીક સિસ્ટમ પર ગીત લગાડી પરસેવો પડે ત્યાં સુધી ડાન્સ કરે છે, અને પછી એકદમ ફ્રેશ થઈ ફરી પાછી અભ્યાસમાં લાગી જાય છે... કલ્ચરલ ફૉરમના ગરબામાં એને દર વર્ષે કોઈ ને કોઈ ઈનામ તો મળ્યું જ છે અને એ એના શોકેસ પરથી સાબિત થઈ જાય છે. અને છતાંય એ એકદમ સહજતાથી કહે છે, 'મેં ક્યારેય ઈનામ મેળવવા પ્રયત્ન કર્યો નથી. મીરાં જેમ કૃષ્ણ ભક્તિમાં તલ્લીન થઈ જતી એમ જ મને કોઈ દિવ્ય શક્તિનો સાક્ષાત્કાર થાય છે, એ સમયે હું ભાન ભૂલી માત્ર ગરબા જ રમ્યા કરું છું.'

ડૉ. તરજુને હવે તો કંપની આપવા એની બહેન આર્યા પણ તૈયાર થઈ ગઈ છે. છેલ્લાં ચારેક વર્ષથી બંને બહેનો જોડી બનવી મસ્ત ગરબા લે છે કે જોનારાઓની આંખો ચોંટી જાય. દરેક પ્રકારના સ્ટેપ્સ અને એનર્જીથી ભરપૂર નૉનસ્ટૉપ ગરબા લેતી આ બેલડી એ કલ્ચરલ ફૉરમના ગરબાનું એક વૈવિધ્યપૂર્ણ આકર્ષણ છે. તેઓ બંને જણા માને છે કે અહીં પારિવારીક ભાવના અને સલામતી હોવાથી પરિવારજનો અમને બેરોકટોક ગરબા રમવા મોકલે છે.

ડૉ. તરજુ હજુ તો મે મહિનામાં ફ્લાઈટ પકડીને અમેરિકા ગઈ હતી. માસ્ટર્સ માટે અભ્યાસ કરવા એના પૅરેન્ટ્સે ખુશીથી અધધ કહી શકાય એવી ૪૦ લાખની ફી ચૂકવીને એને અમેરિકા મોકલી હતી... આ છોકરીના મનમાં એક જ ગડમથલ હતી કે આ વખતે કલ્ચરલ ફૉરમના ગરબા રમવા મળશે કે કેમ? છોકરી એકદમ લાગણીશીલ અને મૅચ્યોર્ડ હતી, પૅરેન્ટ્સને કહેવા માટે જીભ ઉપડતી નહોતી કારણ એને ખર્ચાની ખબર હતી...

ડૉ. તરજુના પપ્પા એટલે ગાંધીનગરના જાણીતા ઍનેસ્થેટીક ડૉ. જયેશ શાહ, એ એમની દીકરીની આ મૂંઝવણ સમજી ગયા... દીકરીએ એક દિવસ હિંમત કરીને પપ્પાને પૂછ્યું અને પપ્પાએ એક જ ઝાટકે ખર્ચાની ચિંતા કર્યા વગર દીકરી તરજુને ગાંધીનગર ગરબા રમવા આવવાની પરમિશન આપી દીધી... અને ડૉ. તરજુએ નવરાત્રીના નવ દિવસ માટે કૉલેજની રજા લઈ ૭૧ હજારની ટિકિટ કરાવી અમેરિકાથી ગાંધીનગરની ઉડાન ભરવાની તૈયારી કરી લીધી...

દીકરા-દીકરીના ભેદભાવમાં રાચતા આ સમાજમાં આજે જ્યારે દીકરાની રોટલી પર ચોખ્ખું ઘી અને દીકરીની રોટલી પર ડાલડા ચોપડે એવાય જડભરત પરિવારો વસે છે અને દીકરીના શિક્ષણ કે મોજશોખ માટે પૈસાના હિસાબો કરે છે. એવાં લોકોને આ પરિવારે એક પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે... એક જ ચણિયાચોળી પર વર્ષોનાં વર્ષો નવરાત્રી કરાવતાં કે ડ્રેસ ભાડે લઈને ગરબા રમતી છોકરીઓના પૅરેન્ટ્સ માટે આ એક ઉત્તમ દૃષ્ટાંત છે...

ડૉ. તરજુએ ઑનલાઈન શૉપીંગ અને નેટથી ચણિયાચોળીની ડિઝાઈન મોકલી એના ડ્રેસ કરાવી લીધા છે. અમેરિકાની ટિકિટ પણ ખાંખાખોળા કરી બને એટલી સસ્તી મળે અને પૅરેન્ટ્સને ઓછો લોડ પડે એનીય કાળજી લીધી છે... રાત્રે કલ્ચરલના ગરબા રમી એ દિવસે અભ્યાસ કરવાનું પાક્કું પ્લાનીંગ કરીને આવી છે.

ડૉ. જયેશ શાહ અને નિલીમાબેન ખરેખર ધન્યવાદને પાત્ર છે. દીકરીના શોખ ખાતર હસતે મોઢે ખર્ચો ઉઠાવી એમણે માત્ર એમની ઉદારતા નથી બતાવી પણ સમાજમાં એક અનોખું ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે... પેલો પ્રસિદ્ધ ગરબો છે ને, 'આવતાં જતાં જરા નજર તો નાંખતા જજો, બીજું તો કંઈ નહીં પરંતુ કેમ છો કહેતાં જજો...' બસ બધાં આ ડૉ. તરજુ અને આર્યાની જોડીને કલ્ચરલ ફૉરમના આંગણે જોતાં આવજો.

એકાદ ક્રેઝી શોખ માટે દીકરી પર ન્યોછાવર થતાં લાગણીશીલ મા-બાપને દિલથી સલામ.

# આજથી મહુડી ખાતે ભવ્ય મનોહરોત્સવ ઉજવાશે

## બાલબ્રહ્મચારી સાધ્વીજી શ્રી પુણ્યપ્રભાશ્રીજીના જન્મના ૭૫ વર્ષની પૂર્ણતા તથા ૬૭ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયના અનુમોદનાર્થે અર્હદ્ મહાપૂજન

ગાંધીનગર, તા. ૧૬

શ્રી મહુડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ-સંઘ અને પૂ. સાધ્વી શ્રી પુણ્યપ્રભાશ્રીજીના ગુરૂભક્તો દ્વારા મહુડી ખાતે શુક્રવારે ભવ્ય મનોહરોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

બાલબ્રહ્મચારી સાધ્વીજી શ્રી પુણ્યપ્રભાશ્રીજીના જન્મના ૭૫ વર્ષની પૂર્ણતા તથા ૬૭ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયના અનુમોદનાર્થે અર્હદ્ મહાપૂજનસહ મનોહરોત્સવનું આયોજન મહુડી (મધુપુરી) ખાતે કરવામાં આવ્યું છે.

તા. ૧૬થી ૧૮ ઑક્ટોબર દરમ્યાન આ મનોહરોત્સવ યોજવામાં આવશે જે અંતર્ગત તા. ૧૬ના રોજ સવારે ૯ કલાકે અર્હદ મહાપૂજનનો મંગલ પ્રારંભ કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે આમંત્રિત મહેમાનોની સાધર્મિક ભક્તિ, બપોરે ૩ કલાકે શ્રી વિજાપુર મહિલા મંડળ દ્વારા ગુરુગુણ ગીત, સાંજે ૫.૩૦ કલાકે આમંત્રિત મહેમાનોની ચોવિહાર ભક્તિ અને રાત્રે ૮ કલાકે પ્રભુભક્તિ ભાવનાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૭ના રોજ પણ આ જ પ્રકારના કાર્યક્રમો દરમ્યાન સવારે ૮.૩૦ કલાકે 'વિરતિના વધામણાં' ઉપરાંત સાંજે ૬ કલાકે શ્રી કુમારપાલ મહારાજાની મહાઆરતી યોજાશે.

તા. ૧૮ના રોજ પણ દિવસભરના કાર્યક્રમો અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે 'ધન ધન શ્રી શ્રમણીવરાની' તથા રાત્રે ૮ કલાકે ભક્તિભાવનાનું આયોજન કરવામાં આવ્યું છે.